सत्यमेव जयते

**(નમુનો :–અ )** **આંક–**

**નેત્રંગ ના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(શ્રી એચ.આર.ખમલ ) સાહેબની કોર્ટમાં, મુકામ : નેત્રંગ**

**ચુકાદાની તારીખ – ૧૮/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૯૨૪/૨૦૨૫**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(એ),૮૧ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ.ર. નં.૧૧૧૯૯૦૦૫૨૧૧૪૩૬/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | નેત્રંગ પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત કારીયા | વિ.એ.પી.પી.શ્રી.પી.આર.ચૌધરી |
| આરોપીપક્ષ | **મોહનભાઇ કિશનભાઇ વસાવા**<br>ઉ.વ.૨૮ , રહે. નેત્રંગ નવી વસાહત,તા. નેત્રંગ,જી.ભરૂચ. |
| રજુઆત | આરોપીપક્ષે વિ.વ.શ્રી.એસ.એફ.વસાવા |

**( નમુનો :–બ )**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫ / ૧૨ / ૨૦૨૧ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૫ / ૧૨ / ૨૦૨૧ |
| અહેવાલની તારીખ | ૨૭ / ૦૪ / ૨૦૨૨ |
| ચાર્જફ્રેમની તારીખ | ૩૦ / ૦૯ / ૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૦ / ૦૯ / ૨૦૨૫ |
| ચુકાદા રાખવા માટેની તારીખ | ૧૮ / ૦૬ / ૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮ / ૦૬ / ૨૦૨૬ |
| સજા કરી હોય તેની તારીખ | |

**<u>::આરોપીની વિગત::</u>**

| આરોપીનુ નામ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયાની તારીખ | ગુનો/ તહોમત | તકસીરવાન/ નિર્દોષ | સજા | સી.આર.પી.સી ૪૨૮ માટે કસ્ટીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મોહનભાઇ કિશનભાઇ વસાવા | ૧૬/૧૨/૨૦૨૧ | ૧૭/૧૨/૨૦૨૧ | પ્રોહી કલમ- ૬૫ એ એ, ૮૧ | નિર્દોષ છોડયા | - | |

**(નમુનો:-ક)**

**<u>ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે સાક્ષી યાદી</u>**

| અનુક્રમ નં. | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ | બકુભાઇ મથુરભાઇ વસાવા | પંચ સાહેદ |
| ફ.સા.૨ | દિલીપકુમાર યોગેશભાઇ મહંત | ફરીયાદી |
| ફ.સા.૩ | વિજયસિંહ કાનાભાઇ મોરી | ત.ક.અ |

**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે ન્યાયાલય ના આંકની યાદી**

| અનુ.ક | આંક | નામ |
|---|---|---|
| ૧ | ૧૨ | બકુભાઇ મથુરભાઇ વસાવાની જુબાની |
| ૨ | ૧૩ | પંચનામુ |
| ૩ | ૧૬ | ફરીયાદી દિલીપકુમાર યોગેશભાઇ મહંતની જુબાની |
| ૪ | ૧૦ | ફરીયાદ |
| ૫ | ૦૯ | ત.ક.અ. વિજયસિંહ કાનાભાઇ મોરીની જુબાની |

**<u>-: ઠરાવ:-</u>**

**(૧) <u>કેસની ટુંકમાં હકીકત</u>**

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદાર તા. ૧૫ / ૧૨ / ૨૦૨૧ ના રોજ ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૬૮ કિંમત રૂપિયા ૬૮૦૦/- નો પ્રોહી મુદામાલ વેચાણ કરવા

સારૂ પોતાના કબજા ભોગવટામાં રાખી પ્રોહી મુદામાલ તથા મોબાઇલ નંગ–૦૧ મળી કુલ રૂપિયા ૯૮૦૦/– ના મુદામાલ સાથે પકડાઇ જઇ તથા આ મુદામાલ કલ્પેશભાઇ ગોનજીભાઇ વસાવા, રહે. ચીકદા, તા.ડેડીયાપાડા, જી.નર્મદાનાઓએ કોઇ જગ્યાએથી લાવીને વેચાણ કરી હાજર નહી મળી આવી એકબીજાની મદદગારી કરી,ગુનો કરેલ હોય જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપી વિરૂધ્ધ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) <u>ન્યાયિક કાર્યવાહી</u>

આ કામે આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ /વોરંટ બજી જતા જેના અનસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને સી.આર.પી.સી કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓ વિરુધ્ધ હાલના ગુના સંબંધી આંક–૪ થી તહોમતદનામુ ફરમાવી, આંક–૫ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. નિર્દોષ છોડી મુકવા રજૂઆત છે

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

## <u>::– મુદાઓ ::–</u>

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદાર તા. ૧૫ / ૧૨ / ૨૦૨૧ ના રોજ ગેરકાયદેસરનો વગર પાસ |

| | |
|---|---|
| | પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૬૮ કિંમત રૂપિયા ૬૮૦૦/- નો પ્રોહી મુદામાલ વેચાણ કરવા સારૂ પોતાના કબજા ભોગવટામાં રાખી પ્રોહી મુદામાલ તથા મોબાઇલ નંગ-૦૧ મળી કુલ રૂપિયા ૯૮૦૦/- ના મુદામાલ સાથે પકડાઇ જઇ તથા આ મુદામાલ કલ્પેશભાઇ ગોનજીભાઇ વસાવા, રહે. ચીકદા, તા.ડેડીયાપાડા, જી.નર્મદાનાઓએ કોઇ જગ્યાએથી લાવીને વેચાણ કરી હાજર નહી મળી આવી એકબીજાની મદદગારી કરી,**ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(એ),૮૧** મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| ૨. | શું હુકમ |

૫) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**<u>- કારણો -</u>**

(૬) **<u>મુદ્દા નં. ૧ અને ૨:-</u>**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

(૬.૧) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરીયાદપક્ષે સૌપ્રથમ પંચ સાહેદ **બકુભાઇ મથુરભાઇ વસાવા**ને **આંક-૧૨ થી** સોગંદ પર તપાસેલ છે. તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવે છે. મજકુર પંચસાહેદ તેમની જુબાનીમાં રેઇડ અંગે ના પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.આમ, સદર પંચસાહેદોની જુબાનીથી **આંક-૧૩** વાળું રેઇડ અંગેનુ પંચનામું પુરવાર થતું નથી.

(૬.૨) ફરીયાદ પક્ષ ધ્વારા **આંક-૦૯ થી ત.ક.અ.વિજયસિંહ કાનાભાઇ મોરી**ને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૧ ની સાલમાં હું નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે અ.હે.કો.તરીછકે ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન નેત્રંગ પો.સ્ટે.ગુ.ર.નંબર-૧૧૧૯૯૦૦૫૨૧૧૪૩૬/૨૦૨૧ થી પ્રોહી કલમ ૬૫ એ.એ,૮૧ મુજબનો ગુનો

નોંધી સદર ગુનાની આગળની તપાસ અમોને સોંપવામાં આવેલી. સદર ગુનાની હકીકત જોતાં તા.૧૫/૧૨/૨૦૨૧ ના રોજ એલ.સી.બી. ભરૂચ શાખાના અ.હે.કો.દિલિપકુમાર યોગેશભાઇ તથા અ.હે.કો. ચંન્દ્રકાંન્તભાઇ શંકરભાઇનાઓ નેત્રંગ વિસ્તારકાં પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન બાતમીદારથી બાતમી મળેલ કે નેત્રંગ નવી વસાહતમાં રહેતા મોહનભાઇ કિશનભાઇ વસાવા તેમના ઘરે વિદેશીદારૂનું વેચાણ કરે છે જે બાતમી આધારે બે પંચોના માણસોને બોલાવી તેમને હકીકતથી વાકેફ કરી કોઇ બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા સદર જગ્યાએ એક ઇસમ હાજર મળી આવેલ જેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તે મોહનભાઇ કિશનભાઇ વસાવા હોવાનું જણાવેલ જેથી તેને સાથે રાખી તપાસ કરતા વાડાના ભાગે બે મીણીયા કોથળામાં વિદેશીદારૂ મળી આવેલ.જે કોથળો ખોલી જોતાં તેમાં ભારતીય બનાવટના વિદેશીદારૂની બોટલોના કુલ નંગ–૬૮ જેની કિંમત રૂપિયા ૬૮૦૦/– નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ તથા તેની અંગઝડતીમાંથી એક મોબાઇલ મળી આવેલ જેની કિંમત ૩૦૦૦/– ગણી તે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૧૪/૩૦ થી ૧૫/૩૦ સુધીનું અ.હે.કો. ચંન્દ્રકાંન્તભાઇ શંકરભાઇનાઓએ કરી પંચનામાની વિગતે પ્રોહી મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ. ત્યારબાદ સદર ગુનાના કામે અ.હે.કો. દિલિપકુમાર યોગેશભાઇનાઓએ ફરીયાદ આપેલ. આજરોજ તેઓને સદર ફરીયાદ બતાવવામાં આવે છે.જે જોઇને કહે છે કે, તેમી ફરીયાદી તરીકે અ.હે.કો.દિલિપકુમાર યોગેશભાઇનાઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. સદર ફરીયાદ આંક–૧૦ થી રજુ છે.સદર આરોપીને આ મુદ્દામાલ બાબતે પુછતા તે આ મુદ્દામાલ કલ્પેશભાઇ વસાવા, રહે. ગારદા પાસેથી વેચાણ કરવાના ઇરાદે ખરીદી લાવેલ હોવાનું જણાવેલ ત્યારબાદ સદર ગુનાના કામે તેઓએ તપાસ સંભાળી સદર ગુનાના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખી શકે તેમ જણાવેલ છે. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

તેઓની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમિયાન તેઓએ એ વાતનો સ્વીકાર કરે છે કે,એ વાત ખરી છે કે,અમો સદર ગુનાના કામે રેઇડમાં સામેલ ન હતા. એ વાત ખરી છે કે, તપાસના કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.

(૬.૩) ત્યારબાદ, ફરીયાદ પક્ષ ધ્વારા **આંક–૧૬ થી ફરીયાદી દિલીપકુમાર યોગેશભાઇ મહંતનાઓને** તપાસવામાં આવેલા છે.તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૫/૧૨/૨૦૨૧ ના રોજ તેઓ તથા અ.હે.કો.ચંન્દ્રકાંન્તભાઇ શંકરભાઇનાઓ નેત્રંગ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીદારથી બાતમી મળેલ કે નેત્રંગ નવીવસાહતમાં રહેતા મોહનભાઇ કિશનભાઇ વસાવા પોતાના ઘરે વિદેશીદારૂનું વેચાણ કરે છે.જે બાતમી

આધારે બે પંચોના માણસોને બોલાવી તેમને હકીકતથી વાકેફ કરી કોઇ બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા સદર જગ્યાએ એક ઇસમ હાજર મળી આવેલ જેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તે મોહનભાઇ કિશનભાઇ વસાવા હોવાનું જણાવેલ જેથી તેને સાથે રાખી તપાસ કરતા વાડાના ભાગે બે મીણીયા કોથળામાં વિદેશીદારૂ મળી આવેલ.જે કોથળો ખોલી જોતાં તેમાં ભારતીય બનાવટના વિદેશીદારૂની બોટલોના કુલ નંગ–૬૮ જેની કિંમત રૂપિયા ૬૮૦૦/– નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ તથા તેની અંગઝડતીમાંથી એક મોબાઇલ મળી આવેલ જેની કિંમત ૩૦૦૦/– ગણી તે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૧૪/૩૦ થી ૧૫/૩૦ સુધીનું અ.હે.કો. ચંન્દ્રકાંન્તભાઇ શંકરભાઇનાઓએ કરી પંચનામાની વિગતે પ્રોહી મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ. ત્યારબાદ સદર ગુનાના કામે અમોએ ફરીયાદ આપેલ. આજરોજ તેઓને સદર ફરીયાદ બતાવવામાં આવે છે.જે જોઇને કહે છે કે, તેમાં ફરીયાદી તરીકેની મારી સહી છે.જે તેઓએ ઓળખી બતાવેલ છે. સદર આરોપીને આ મુદ્દામાલ બાબતે પુછતા તે આ મુદ્દામાલ કલ્પેશભાઇ વસાવા, રહે. ગારદા પાસેથી વેચાણ કરવાના ઇરાદે ખરીદી લાવેલ હોવાનું જણાવેલ. આરોપીઓને જોયેથી ઓળખી શકે તેમ જણાવેલ છે. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

તેઓની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમિયાન તેઓએ એ વાતનો સ્વીકાર કરે છે કે,એ વાત ખરી છે કે, ખાનગી વાહનોના નંબર તથા કોની માલીકીના હતા તે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, નેત્રંગ નવી વસાહત વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે, ગુનાવાળી જગ્યાની આજુબાજુમાં બીજા ઘણાં ઘરો આવેલા છે. એ વાત ખરી નથી કે, આવો કોઇ મુદામાલ આરોપી પાસેથી પકડાયેલ ન હોવા છતાં આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરી તેના સમર્થનમાં હાલની ખોટી જુબાની આપું છું.

(૭) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીઓ પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા રહેણાંક જગ્યા છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા પંચોના નામ જણાવેલ છે. પરંતુ, સદર પંચો બનાવ વાળી જગ્યાના રહેલ નથી. વળી, તેઓએ સ્વીકાર કરેલ છે કે બનાવ વાળી જગ્યા પર થી પંચો સહેલાઇ થી મળી શકે, પરંતુ શા માટે બનાવ વાળી જગ્યા પર થી પંચો ને બોલાવેલ નથી આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા રહેણાંક જગ્યા

આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુદિશા પણ બતાવવામાં આવે છે તેમજ આરોપી વિરુધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીના કબજામાં થી દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧ (૨૬) જી. એચ. જે. ૦૧)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યું ગણાય નહી. વધુમાં, **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચસાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીંગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી. તે અંગેનો કોઈ રીર્પોટ ફરીયાદપક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદીની જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસિઝર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ),૮૧ મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે, મુદામાલ પાવતીમાં જણાવેલ તમામ પ્રોહીબીટેડ મુદામાલ દારૂ નો નાશ કરવો તથા મુદામાલ મોબાઈલ અંગે જો કોઈ વચ્ચગાળા નો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલ મોબાઈલ તેના મુળ માલીક ની પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો તે સંદર્ભે ના છ માસ ના સમયગાળા માટે જામીન રજુ કરવા.

આ હુકમ આજ તા.૧૮, માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ – નેત્રંગ
તારીખ – ૧૮/૦૬/૨૦૨૬.

સ્ટેનો: જે.જે.શાહ

(**હર્ષદ રાજાભાઈ ખમલ**)
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નેત્રંગ
**[GJ01749]**